# વૈદિક અસ્મિતા ઉપવનનો સ્થિતિ અહેવાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત આપશ્રી દ્વારા આવેલ ઈ-મેઈલ સંદર્ભે યુનિવર્સિટીના પરિસરમાં **"વૈદિક અસ્મિતા ઉપવન"** બનાવવામાં આવેલ. આ પાવન "વૈદિક અસ્મિતા ઉપવન" નું બીજરોપણ યુનિવર્સિટીના કુલગુરુ શ્રી પ્રો. (ડો.) અમી ઉપાધ્યાયજીના વરદ હસ્તે કરવામાં આવેલ.તે ઉપરાંત યુનિવર્સિટીના કાર્યકારી કુલસચિવશ્રી, તમામ સ્કૂલના નિયામકશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, શૈક્ષણિક - બિન શૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થી મિત્રો દ્વારા ઉપવનમાં વિવિધ ઔષધિના છોડ રોપવામાં આવેલ. અગાઉ યુનિવર્સિટી પરિસરમાં **'આંબેડકર પીપળવન'** પણ બનાવવામાં આવેલ. આજના આધુનિક યુગમાં પ્રકૃતિનું સંરક્ષણ કરવું એ આપણું કર્તવ્ય છે. આ હેતુને ધ્યાને રાખીને યુનિવર્સિટી પરિસરમાં તમામ કર્મચારીશ્રીઓ દ્વારા રોપેલ વિવિધ જાતના છોડ, વૃક્ષો અને ઔષધિઓની સાચવણી ખૂબ જ સારી રીતે કરવામાં આવે છે. વિવિધ, જાતજાતના આયુર્વેદ છોડ અને વૃક્ષોનું રોપણ કરવામાં આવેલ જેનું જતન ખૂબ સારી રીતે કરવામાં આવે છે. જેથી કરીને આયુર્વેદ ઔષધિઓનો ઉપયોગ કરી માનવ સ્વાસ્થ્ય સ્વસ્થ રાખી શકે છે.

યુનિવર્સિટીના **"વૈદિક અસ્મિતા ઉપવન"**માં સ્વાસ્થ્ય માટે ઉપયોગી વિવિધ ઔષધિઓનું સમયસર માવજત કરી તેની દેખરેખ રાખવામાં આવે છે. આ ઉપરાંત વનમાં તેમજ યુનિવર્સિટીના પરિસરમાં સમયાનુસાર વિવિધ છોડનું અરડૂસી, અરીઠા, અળવી, અજમો, અજવાઈન, અલોવીરા, અર્જુન,અશ્વગંધા, બારમાસી, બામ્બુ, ઇસબગુલ, જાયફળ, બ્રામી, ડમરો, ધતૂરો, ડોડી, ગોખરો, ગરમાળો, ગીલોય, ગ્રીન ટી, હલ્દી, ગુલ મહેંદી, ઇન્દ્રજાવ, ઇન્સ્યુલીન, કદમ, કારેલાં, કરંજ, કરીયાતું, લસ્વંતી, મધુ નાસીની, મીઠો લીમડો, મિન્ટ તુલસી, નીલગીરી, નાગરવેલ, નગોડ, નીલ, પલાસ, પથ્થર કુટીર, ફૂદીનો, રક્ત ચંદન, રૂદ્રાક્ષ, સફેદ ચંદન, સરગવો, સતાવરી, સિંદૂર , શંખ પુષ્પી, રામ તુલસી , શ્યામ તુલસી જેવી ઔષધીઓ રોપણ કરવામાં આવેલ. તેમનું જતન પણ ખૂબ સારી રીતે કરવામાં આવે છે.

**"વૈદિક અસ્મિતા ઉપવન"**માં રાશિ મુજબના વૃક્ષ જેવા કે મેષ- આમળો, ઉમરો , વૃષિક- ખેર, નાગકેસર, સાવર, વૃષભ- જાંબુ, તુલા – અર્જુન, બીલી, મિથુન- બીલી, ખેર, કૃષ્ણ ગુરૂ, કન્યા- જૂહી, પાયરી, બીલી, કર્ક- પલાશ, પીપળ, સિંહ- આકડા, ધનુ, ફનસ, નેતર, શાલ, મીન- લીમડો, મહુડો, મકર – ખીજડો, ફનસ, રુઈ, કુંભ- કદમ્બ, આંબો, સમી વૃક્ષ રોપવામાં આવેલ છે. અને સાથે સાથે વિવિધ નક્ષત્રના પણ વૃક્ષ રોપવામાં આવેલ છે. જેમ કે, અશ્વિન- ઝેર કોયલું, ભરણી- આંબો, કૃતિકા- ઉંબરો , રોહિણી – જાંબુડો, મૃગશીર્ષ- ખેર,આદ્રા- અગર , પુનર્વસુ – વાંસ, પુષ્ય – પીપળો, આશ્લેષા- ચંપો, મધા – વડ, પૂર્વા – ફાલ્ગુની ખાખરો, ઉત્તરા – ફાલ્ગુની પીપળો, હસ્ત- કાંચકા , ચિત્રા- બિલી, સ્વાતિ- ક્ડાયો, વિશાખા – બાવળ, અનુરાધા- ચંપો, જેષ્ઠા – લોદર, મૂળ – રાળ, પૂર્વા ષાઢાં – નેતર , ઉત્તરા ષાઢાં – ફણસ , શ્રવણ- આંકડો, ધનિષ્ઠા – ખીજડો, સતભીષા – કદમ, પૂર્વ ભાદ્રપદ – આંબો, ઉત્તરા ભાદ્રપદ – લીમડો, રેવતી- મહુડો વૃક્ષો ઉછેરની કામગીરી સમયસર કરવામાં આવે છે. તેમની દેખરેખ ખૂબ જ ખંત પૂર્વક કરવામાં આવે છે. અને સમયસર બધાં જ વૃક્ષો, છોડ અને ઔષધિઓને ખાદ્યસામગ્રી પણ સમયસર પૂરી પાડવામાં આવે છે.

આ ઉપરાંત **"વૈદિક અસ્મિતા ઉપવન"**માં અને યુનિવર્સિટીના વિવિધ વિભાગો પાસે પણ સમયાનુસાર વિવિધ છોડનું રોપણ કર્મચારીશ્રીઓ દ્વારા વૃક્ષો અને છોડવાઓનું રોપણ કરવામાં આવેલ છે. જેમાં વિવિધ

શાકભાજી,ફળ અને ઔષધિઓનો પણ સમાવેશ કરવામાં આવે છે.યુનિવર્સિટીના તમામ કર્મચારીઓ દ્વારા આ ઔષધિઓ,વૃક્ષો અને છોડનું સંરક્ષણ કરવામાં આવે છે અને તેનો સારી રીતે ઉછેર કરવાની જેવી રીતે પ્રતિજ્ઞા પણ લીધી હતી તેવું જ તેનું જતન પણ કરવામાં આવે છે. આ ઉપરાંત આ ઔષધિઓનું ઉપયોગ કેટલાંક કર્મચારીઓ સ્વાસ્થ્ય માટે પણ કરે છે. યુનિવર્સિટીના પરિસરમાં વિવિધ જગ્યાએ આવા ઉપવન બનાવી પ્રકૃતિનું જતન કરી પ્રકૃતિનું સંરક્ષણ કરવામાં આવે છે. આ ઉપરાંત યુનિવર્સિટીના પરિસરમાં મુલાકાત લેવા આવેલ તજજ્ઞશ્રીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા આ પણ આ ઉપવનની મુલાકાત લેવામાં આવે છે અને ખૂબ પ્રસંશા કરવામાં આવે છે.

આ "વૈદિક અસ્મિતા ઉપવન"નું સર્જન કરી વૃક્ષો, છોડવાઓનું રોપણ કર્યા પછી યુનિવર્સિટી વૃક્ષો, છોડવાઓનું ઉછેર કરવાની પ્રતિજ્ઞા લઈ આ સુંદર પ્રકૃતિનું સંરક્ષણ ખૂબ ઉત્તમ રીતે કરવામાં આવે છે. આ સુંદર ઉપવનને નુકશાન નાં થાય તે માટે વૃક્ષોની આસપાસ વાડ પણ બાંધવામાં આવે છે. આ છોડ અને વૃક્ષોને જીવજંતુઓ નુકશાન નાં પહોંચાડે તેની પણ તકેદારી પણ રાખવામાં આવે છે. યુનિવર્સિટીના પરિસરના તમામ કર્મચારીઓ દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવે છે કે યુનિવર્સિટીના પરિસરનું વાતાવરણ ખૂબ પ્રકૃતિમય રહે તેવા પ્રયત્નો દિવસે ને દિવસે કરીશું. અને જે કર્મચારીઓએ વૃક્ષો અને છોડને દત્તક લીધેલ તેઓ પણ તે વૃક્ષો, છોડની ખૂબ જ સારી રીતે માવજત કરે છે. યુનિવર્સિટીના આ વનને વધુ સુંદર બનાવવાના પ્રયત્નો કરતાં રહીશું .
















Combretum indicum (L.) DeFilipps
Family: Combretaceae

